# સાવલીના કનોડાબ્રીજ પાસે ગમખ્વાર અકસ્માતમાં ચારના કરૂણ મોત

ઉમરેઠ, તા. ૨૪

સાવલી તાલુકાના કનોડા બ્રીજ પાસે માર્ગમાં મુસાફરો ભરી ઉભેલ ટ્રેક્ટરને પાછળથી માતેલા સાંઢની જેમ પુરપાટ ઝડપે આવેલા ડમ્પરે ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારતા ત્રણ મહિલા સહિત કુલ ચાર લોકોના કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ૧૪ વ્યક્તિને ગંભીર ઈજાઓ થવા પામી હતી અને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

નડીયાદ તાલુકાના પાલડી ગામના સરોજબેન ગુણવંતભાઈ સોઢા પરમાર (ઉં.વ. ૩૨) રસીલાબેન ગુલાબસિંહ સોઢઆ પરમાર (ઉં.વ.૨૮), હીરાબેન પ્રતાપસિંહ સોઢા પરમાર (ઉં.વ.૩૫) તથા ડાહ્યાભાઈ હરિભાઈ સોઢા પરમાર ઉં.વ. ૪૨ સહિત કુલ ૨૫ વ્યક્તિઓ એક ટ્રેક્ટરમાં સવાર થઈ મોસાળથી સાવલી તાલુકાના કનોડા ગામે આવ્યા હતા અને મોસાળુ કરીને મોસાળીયાઓ પરત પાલડી ગામ જવા નિકળ્યા હતા. દરમિયાન કનોડા બ્રીજ પાસે અગમ્ય કારણોસર ટ્રેક્ટર માર્ગની પાસે ઉભુ કર્યુ હતું. અચાનક પાછળથી પુરપાઠ ઝડપે આવતા ડમ્પર જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ત્રણ મહિલા સહિત ચાર વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા કરૂ મોત નિપજ્યા હતા. જ્યારે ૧૪ લોકોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ ઘટના જોઈ આસપાસના ગામના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા અને બચાવ કામગીરીમાં મદદરૂપ થયા હતા અને ઘાયલો ૧૦૮ની મદદથી વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમી સાંજે ઘટેલી આ અકસ્માતની ઘટનાથી લગ્નોત્સવમાં માતમ છવાઈ ગયો હતો. આ ઘટના અંગે સાવલી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઊંઝા-ઉનાવા માર્ગ પર સર્જાયેલ અકસ્માતમાં શ્રમિકનું મોત

### ટ્રક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો

ઊંઝા, તા. ૨૪

ઊંઝા-ઉનાવા વચ્ચે ફોરલેન હાઈવે આજે બપોરે માલ ભરેલ ટ્રેક્ટર ટ્રોલી અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતાં ટ્રેક્ટર ટ્રોલીમાં બેઠેલ એક શ્રમિકનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

વિગત એવી છે કે, ઊંઝાથી ટ્રેક્ટર નં. આર.જે.૨૭ આર.૧૬૦૯ની ટ્રોલીમાં માલ ભરીને ટ્રેક્ટર ચાલક ઉનાવા હાઈવે પરના ગોડાઉનમાં માલ ઉતારવા માટે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં ઊંઝા-ઉનાવા વચ્ચે પાછળથી આવતી ટ્રક નં. આર.જે.૧૯જીએ૪૮૬૪ના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારીને ટ્રેક્ટર ટ્રોલીને જોરદાર ટક્કર મારી હતી. જેથી ટ્રેક્ટર ટ્રોલીમાં બેઠેલ એક શ્રમિક પરશારામ તુલસીરામ ગામેતી રહે. મૂળ રાજસ્થાનનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જે ટ્રેક્ટર ટ્રોલીમાં જ બેઠેલા અન્ય ત્રણ શ્રમિકોને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સૌ પ્રથમ ઊંઝા અને બાદમાં મહેસાણા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘટના સ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અજાણ્યા વાહનચાલકે બાઈક સવારને ટક્કર મારતા ઈજા

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં સર્કલ બજાર રોડ પાસે એક ટ્રેક્ટર ચાલકે મોટરસાયકલને ટક્કર મારતાં એક વ્યક્તિને ઈજા થયેલાની ફરીયાદ હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ગતરોજ હિંમતનગરના મોતીપુરા વિસ્તારના સર્કલ બજાર શો રૂમ આગળ સર્વીસ રોડ ઉપર એક અજાણ્યા ટ્રેક્ટર ચાલક પોતાનું ટ્રેક્ટર નં. જીજે-૯-એ.એફ.૯૩૩૩ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી મહેન્દ્રભાઈ પ્રજાપતિ પોતાની મોટર સાઈકલ નં. જીજે-૯-એ.એસ.૫૧૭૪ને ટક્કર મારી મહેન્દ્રભાઈ પ્રજાપતિના પિતા નટુભાઈ ધમાભાઈ પ્રજાપતિ ઉં.વ. ૪૨ રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી મહાવીરનગર હિંમતનગરનાઓને શરીરે ઓછી વત્તા પ્રમાણમાં ઈજાઓ કરી ટ્રેક્ટર લઈને નાસી ગયેલા અંગે હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશને મહેન્દ્રભાઈ પ્રજાપતિએ ફરીયાદ નોંધાવી હતી. આ અંગે ગુનો નોંધી હે.કો. કોદરભાઈ રત્નાભાઈએ અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રાંતિજ ખાતે કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે તેરસની ધામધૂમપૂર્વક ઉજવણી

પ્રાંતિજ, તા.૨૪

પ્રાંતિજ ખાતે આવેલા તપોધન ફળીયામાં આવેલ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં તેરસ નિમિત્તે તેરસના પર્વની ભારે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જે કાર્યક્રમમાં રાવલ સમાજના ભાઈઓ બહેનોએ ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

પ્રાંતિજમાં તપોધન ફળિયામાં આવેલા શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે આયોજીત તેરસની ઉજવણી પ્રસંગે સવારથી જ બહોળી સંખ્યામાં ભાવિક ભકતોની ભીડ જામવા લાગી હતી અને ભોલેનાથના દર્શન કરી લોકોએ ધન્યતા અનુભવી હતી જયારે પૂજા અર્ચના અને મહાપ્રસાદ તરીકે બ્રહ્મ ભોજનનો લાભ લીધો હતો. આ વખતે પ્રસાદની વ્યવસ્થા મહેશકુમાર ગીજીયા શંકર રાવલ દ્વારા કરવામાં આવી હતી.

## તલોદ લાયન્સ કલબના ઉપક્રમે તકતી અનાવરણ અને સન્માન સમારોહ યોજાયો

તલોદ, તા.૨૪

સમગ્ર તલોદ તાલુકામાં સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ તલોદ લાયન્સ કલબ, લાયન્સ કલબ ઓફ સોસાયટી દ્વારા તાજેતરમાં તલોદ દિગંબર જૈન વાડી ખાતે તકતી અનાવરણ, ઈનામ અને સન્માન સમારોહ તથા રંગોળી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લાયન્સ સભ્યો હાજર રહ્યા હતાં.

આ અવસરને તલોદ નાગરિક બેંકના ચેરમેન મહેશભાઈ ઉપાધ્યાયે દિપ પ્રગટાવી સમારંભને ખુલ્લો મુકયો હતો. લાયન્સ કલબ સોસાયટી, તલોદ સંચાલિત ઈન્દીરાબેન રમણલાલ પટેલ લાયન્સ કલીનીકલ લેબોરેટરી તથા સોસાયટી દ્વારા ચાલતી અન્ય સેવાકીય પ્રવૃત્તિમાં શ્રેષ્ઠીઓ તથા આ વિસ્તારની સહકારી સંસ્થાઓ દ્વારા આપેલ સહયોગની તકતીનું અનાવરણ સચેતા મેટલ તલોદના સતિષભાઈ શાહના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જયારે દાતાઓ અને રંગોળી હરિફાઈમાં ૧થી ૩ ક્રમે વિજેતા બનેલા સ્પર્ધકોને મહેશભાઈ ઉપાધ્યાય અને શાંતિલાલ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

અંતે લાયન્સ કલબના હોદ્દેદારો અતિથિ ગણ તલોદ નગરપાલિકાના પ્રમુખ પ્રવિણ પટેલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જયારે દશાહમ્મડ દિગંબર જૈન ચોખલા પંચના પ્રમુખ બીપીનભાઈ શાહ, વિનોદ ગાંધી, અનિલ ગાંધી, અનિલ પટેલ વિગેરે આમંત્રિતોએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને યુધિષ્ઠીર શાહે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

## સાબરકાંઠામાં આજે ૧૨ ગામોમાં કૃષિ મહોત્સવ યોજાશે

સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૨૫/૫/૧૩ નારોજ ૧૨ ગામોમાં કૃષિરથ પરીભ્રમણ કરશે. હિંમતનગર તાલુકાના ગઢોડા, જીતોડ, નાદરી, હાજીપુર, ભિલોડામાં જનાલી, મોટીબેબાર, નાનીબેબાર, જાલીયા, શોભાયડા, વાગોદર, સુનોખ, વાસેરાકંપા, ધનસુરામાં રમાણા, મલેકપુર, રૂપણ, કોલવડા, ખેડબ્રહમામાં રતનપુર, ચાંગોદ, ત્રણમહુડા, ખેરોજ, બુ.છાપરા, ઝીણીબીલી, ના.બાવળ, મો.બાવળ, મીઠીબેલી, -ંતિજમાં વદરાડ, રાસલોડ, અમીનપુર, જેનપુર, વડાલીમાં ગાજીપુર, રામપુર(ફુ).ફુદેડા, માલપુરમાં પીપરાણા, નવાગામ, ગોવિંદપુર, કાસવાડા, કાનેરા, વાવડીબારા, ગાજણ, ઓઢા, અગાટીયા, ભુકાકુતરી, મેઘરજમાં પંચાલ, કદવાડી, નવગામ, ઢુઢેરા, બાયડમાં સાઠંબા, તલોદમાં રણાસણ, ચારણવાંતા, માલવણ, લાલપુર, નવલપુર, નવા, દિવેલીયા, માધવગઢ કંપા, વિજયનગરમાં આંતરસુંબા, વજેપુર, અજેપુર, ધોળીવાવ, વીરપુર. અભાપુર, મતાલી, બંધણા, અંન્દ્રોખા, ભુપતગઢ, મોડાસામાં ટીંટસર, સરડોઈ, સજાપુર, બોલુન્દ્રા, ભાટકોટા ગામે કૃષિ મહોત્સવ યોજાશે.

## પ્રાંતિજમાં બ્રહ્મસમાજનો સાતમો સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર યોજાશે

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકા ખાતે આગામી ૨૭મી મે ૨૦૧૩ને સોમવારના રોજ સમસ્ત બ્રહ્મસમાજ આયોજીત સાતમો સમૂહ યજ્ઞોપવિત તથા બ્રહ્મ ચોર્યાસી યોજાશે. પ્રાંતિજ ખાતે આવેલ બ્રહ્મસમાજના આગેવાનો પ્રમુખ દ્વારા સાતમો સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર ધામધૂમથી ઉજવાશે. જેમાં બ્રહ્મસમાજના ૬ બટુકો જનોઈ ધારણ કરશે અને પ્રાંતિજ બ્રહ્મસમાજના લોકો પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને બટુકોને આશીર્વાદ આપશે. આ પ્રસંગે પ્રમુખ મધુભાઈ રાવલ, જીતેન્દ્રભાઈ રાવલ, કનકભાઈ વ્યાસ વગેરે કારોબારી સભ્યો દ્વારા સાતમો સમૂહ યજ્ઞો પવિત સંસ્કાર અને બ્રહ્મ ચોર્યાસી અને પાકુ બ્રહ્મભોજનનું આયોજન કરવામાં આવ્યુંછે. આ સમગ્ર કાર્યક્રમ ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજની વાડી ગુર્જરની પોળ ખાતે યોજાશે.

## વિકલાંગ ધારો મોનીટરીંગ સમિતિની બેઠક યોજાશે

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે થયેલ કામગીરીની સમીક્ષા અંગેની વિકલાંગધારો મોનીટરીંગ સમિતિની બેઠક કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૨૭/૫/૨૦૧૩ ના રોજ ૧૬-૦૦ કલાકે કલેકટર કચેરી,સભાખંડ, હિંમતનગર ખાતે યોજાશે. સમિતિના સભ્યોએ બેઠકમાં સમયસર હાજર રહેવા જિલ્લા સમાજ સુરક્ષા કચેરીની એક યાદીમાં જણાવાયું છે.

## નેશનલ ટ્રસ્ટ એક્ટ સમિતિની બેઠક યોજાશે

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લા સ્થાનિક સ્તરની નેશનલ ટ્રસ્ટ એકટ સમિતિની બેઠક કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૨૭/૫/૨૦૧૩ ના રોજ ૧૬- ૩૦ કલાકે કલેકટર કચેરી,સભાખંડ, હિંમતનગર ખાતે યોજાશે. સમિતિના સભ્યોએ બેઠકમાં સમયસર હાજર રહેવા જિલ્લા સમાજ સુરક્ષા કચેરીની એક યાદીમાં જણાવાયું છે.

## જિલ્લા સુખાકારી સમિતિની બેઠક યોજાશે

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત યોજનાના અમલીકરણ સારૂ જિલ્લા સુખાકારી સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૩૦/૫/૨૦૧૩ ના રોજ ૧૭- ૦૦ કલાકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી, હિંમતનગર ખાતે યોજાશે.

## પ્રાંતિજમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરનાર વેપારીઓ દંડાયા

### અખાદ્ય પીણા અને ફળો પીરસતા વેપારીઓ સામે નગરપાલિકાતંત્ર લાલઘૂમ

પ્રાંતિજ, તા. ૨૪

સમગ્ર રાજયમાં જયારે હિટવેવ આંતક મચાવે છે ત્યારે લગ્નની મોસમ પણ સાથે સાથે ખીલી ઉઠી છે. આકરા તાપના પ્રકોપથી બચવા લોકો ઠંડા પીણાનો સહારો લે છે. ત્યારે પ્રાંતિજના કેટલાક વેપારીઓ દ્વારા વધુ નાણા કમાઈ લેવાની લ્હાયમાં ગમે તેવો અખાદ્ય પદાર્થ, પીરસી રહ્યા છે અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. આથી પ્રાંતિજ નગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમો દ્વારા શહેરના અલગ અલગ સ્થળો પર ઓચિંતી તપાસ હાથ ધરી સ્થળ પર જ અખાદ્ય પદાર્થનો નાશ કરી વેપારીઓને દંડ ફટકાર્યો હતો.

ઠંડા પીણા, બરફગોળા, ફૂટ જયુસના વ્યાપારીઓ વધુ નફો મેળવવાની લહાયમાં એસેસ તથા અખાદ્ય કલરવાળા પીણા બનાવી વેચાણ કરીને તગડો નફો મેળવી રહ્યા છે. તેઓ સારા સ્વચ્છતાનું પણ ધ્યાન રાખવામાં આવતું નથી. અને લોકોના આરોગ્ય સાથે રીતસરના ચેડા કરે છે. ત્યારે પ્રાંતિજ નગરપાલિકાના આરોગ્ય વિભાગ સીનીયર સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા ટીમો બનાવીને આવા અખાદ્ય પદાર્થના વેચાણ કરતા જુદા જુદા સ્ટોલ પર રેડ પાડી અખાદ્ય પદાર્થ ફળો, બરફનો નાશ કરી તમામ વ્યાપારીઓને દંડ ફટકારેલ છે. આ બનાવથી સમગ્ર પ્રાંતિજમાં ઠંડાપીણાના વ્યાપાર કરતા વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. તથા રસ્તાઓ પર ગંદકી એઠવાડ ફેંકનાર તમામ વ્યાપારીને દંડ ફટકારી સાફસફાઈનું કામ હાથ ધરેલ હતું.

## ડીસાના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટે બે માથાભારે ઈસમોને પાંચ જિલ્લામાંથી તડીપાર કર્યા

ડીસા, તા. ૨૪

બનાસકાંઠામાં લોકસભાની પેટા ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે કાયમ કરવા વહીવટીતંત્રે કાયદા મુજબના અનેકો અસરકારક પગલા લીધા છે. જેમાં ડીસાનાં સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટે ડીસા અને થરા પોલીસ હદમાં આમ નાગરિકોમાં ભય ફેલાય તેવી પ્રવૃતિ કરતા બે ઈસમોને પાંચ જિલ્લામાંથી બે વર્ષ માટે તડીપાર કરતો હુકમ કરતા અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગે ડીસાના નાયબ કલેક્ટર કચેરીથી મળેલી વિગતો જોતા ડીસાના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટે સમક્ષ ડીસા અને થરા પોલીસમથક હદમાં બે ઈસમો લોકોમાં ભય ફેલાય તે રીતે ચોરી અને મારામારી તેમજ અન્ય શરીર સંબંધી ગુનાઓ આચરતા હોવાની રજુઆતો આવી હતી. જેની સુનાવણી યોજી સામાવાળાઓ વિરૂદ્ધના આરોપો યોગ્ય જણાતા ડીસાના એસ.ડી.એમ. બી.કે. પટેલે તેમને મળેલી સત્તાની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ અન્વયે ચંદન પ્રેમાભાઈ માળી રહે. લીલાશા નગર ડીસા તેમજ પીરાભાઈ સામજીભાઈ ઠાકોર રહે. ગોઠડા તા. કાંકરેજ વાળાઓને બે વર્ષ માટે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને કચ્છ-ભુજ, જીલ્લામાંથી તડીપાર કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા એકાદ વર્ષમાં કાયદાની કડકાઈએ ડીસાના એસ.ડી.એમ. બી.કે. પટેલે તેમની હકુમતમાં આવતા વિસ્તારોમાં અસામાજિક પ્રવૃત્તિ આચરી, લોકોમાં ભય દેખાડી ગુંડાગીરી કરતા ૧૫ થી વધુ માતાભારે ઈસમોને પાંચ જિલ્લામાંથી તડીપાર કરતા ન્યાયિક હૂકમો કરી એક નવો દાખલો બેસાડતા લોકો ભયમુક્ત બન્યા છે.

## ડીસાના નવા વાસમાં અંગત અદાવતે તમંચામાંથી ફાયરીંગ : બે વિરુદ્ધ ફરિયાદ

ડીસા, તા.૨૪

વેપારી મથક ડીસામાં આવેલા નવા વાસ ખાતે રહેતા એક યુવકના ઘરે વડોદરાના સાવલી ખાતે રહેતા બે શખ્સો મોડી રાત્રે પહોંચ્યા હતા જે બાદ આ શખ્સોએ યુવકને અંગત અદાવતે થયેલી તકરાર બાબતે ઉંઘમાંથી જગાડી હુમલો કરી માર માર્યો હતો અને તે બાદ હુમલાખોર દ્વારા ખાનગી ફાયરીંગ કરાતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી વ્યાપી હતી.

આ ચકચારી ક્રાઈમની વિગતો જોઈએ તો ડીસાના નવા વાસ ખાતે રહેતો મહેશકુમાર જવાનજી ઠાકોર પોતાના ઘર આગળ રાત્રી સમયે સુતો હતો ત્યારે બે ઈસમો જગાજી સનાજી ઠાકોર અને વિષ્ણુકુમાર કોલાજી ઠાકોર બંને રહે. સાવલી, જિલ્લો વડોદરા વાળા સ્કોર્પિયો ગાડી લઈ તેના ઘરે પહોંચ્યા હતા. અને મહેશ ઠાકોરને જગાડી કહેલ કે 'તું કે અમને ફોન પર ગાળો બોલતો હતો' તેમ કહી તકરાર કરી ધમકીઓ આપી હતી. જયારે પીડીત મહેશે કહેલ કે 'મેં કોઈને ગાળો બોલી નથી' જેથી આ બંને હુમલાખોરો ઉશ્કેરાઈ ગયા હતા અને મહેશને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. જયારે બીજી તરફ હોબાળો થતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા જેથી આ બંને હુમલાખોરમાંના જગાભાઈ ઠાકોરે તેની પાસેના તમંચામાંથી હવામાં ખાનગી ફાયરીંગ કર્યું હતું ફાયરીંગ થતાં જ લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને આ તકનો લાભ લઈ આ બંને આરોપી ગાડીમાં ફરાર થઈ ગયા હતા. આ મામલે મહેશ ઠાકોરની ફરિયાદ આધારે ડીસા દક્ષિણ પોલીસે હુમલાખોરો વિરુધ્ધ ધાક-ધમકી આપવી અને આર્મ્સ એકટના ભંગનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

હુમલાખોરોએ ઘાતક અને જીવલેણ કહી શકાય તેવા તમંચાનો ઉપયોગ કરેલ હોઈ, પોલીસ પણ ચોંકી ઉઠી છે. અને આ ગુનેગારો જીવલેણ હથિયારોથી સજ્જ હોઈ કોઈ મોટો અન્ય ગુનો આચરે તે પહેલા તેમને ઝડપી પાડવા ડીસા દક્ષિણ પોલીસ મથકના પી.આઈ. કે.ડી. નકુમે એક પોલીસ ટુકડી ગુનો કરી ભાગી છુટેલ આરોપીઓને ઝડપી પાડવા વડોદરા તરફ રવાના કરેલ છે. જયારે બીજી તરફ આ ઘટનાથી સમગ્ર શહેરમાં ભારે ચટચાર ફેલાઈ છે.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામસ્થ મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar

Mobile : 94265 13601


## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૮૪૦ | ૮૮૫ |
| એરંડા | ૬૫૦ | ૬૬૨ |
| રાયડો | ૫૪૦ | ૫૮૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૯૧ |
| બાજરી | ૨૪૧ | ૨૯૭ |
| વરીયાળી | ૧૧૩૧ | ૧૬૧૦ |
| ગવાર | ૧૬૬૭ | ૧૭૭૨ |
| તુવેર | ૬૫૦ | ૬૭૧ |

| સલાલ | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૪૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| મગફળી | ૯૦૦ | ૯૪૧ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| ડાંગર | ૩૦૦ | ૩૩૦ |
| ગવાર | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ડાંગરગુજ | ૩૨૦ | ૩૫૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૫૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૫ |
| ડાંગર | ૩૩૦ | ૩૫૦ |
| ડાંગર જયા | ૩૦૦ | ૩૩૧ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૫૨ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| વરિયાળી | ૧૧૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૪૦૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૭ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૧૦ | ૩૪૧ |
| મકાઈ | ૨૩૫ | ૨૪૦ |
| એરંડા | ૬૪૦ | ૬૫૧ |
| મગ | ૧૦૨૫ | ૧૦૫૫ |
| ચણા | ૬૪૦ | ૬૫૪ |

| મોડાસા | | |
|---|---|---|
| રાયડો | ૫૯૦ | ૬૨૪ |
| એરંડા | ૬૪૫ | ૬૬૨ |
| બાજરી | ૨૩૦ | ૨૯૨ |
| મકાઈ | ૨૨૫ | ૨૭૨ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૭૭ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૬૨૦ | ૮૩૫ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| એરંડા | ૬૩૮ | ૬૪૮ |
| મકાઈ | ૨૨૫ | ૨૬૧ |
| ઘઉં | ૨૯૦ | ૩૫૫ |
| રાયડો | ૫૫૦ | ૫૮૧ |
| મગ | ૯૫૦ | ૧૧૦૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | જવ | ૨૫૦ |
| ૨૬૫ | ૨૮૧ | ૨૮૫ |
| ઘઉં | ૩૦૨ | ૩૫૫ |
| ડાંગર | ૨૯૫ | ૩૦૦ |
| એરંડા | ૬૫૫ | ૬૬૩ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૦૦ |
| મકાઈ | ૨૨૫ | ૨૮૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૫ |
| જુવાર | ૨૦૦ | ૩૫૦ |
| રાયડો | ૫૫૦ | ૫૬૫ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૮૦ | ૨૮૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૫ |
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |
| ગવાર | ૧૬૦૦ | ૧૭૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૭૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૧૮૦ | ૩૨૫ |
| રાયડો | ૫૨૦ | ૫૫૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૧ |
| ઘઉં | ૩૦૧ | ૪૨૮ |
| મગ | ૯૫૦ | ૧૦૦૦ |
| બાજરી | ૨૭૫ | ૨૯૫ |
| મકાઈ | ૨૪૫ | ૨૬૦ |
| ચણા | ૬૧૧ | ૬૩૦ |
| તુવેર | ૭૦૦ | ૮૦૦ |
| ગવાર | ૧૭૧૧ | ૧૭૮૧ |

| ઇડર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૪૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૫૯ |
| એરંડા | ૬૫૫ | ૬૬૨ |
| બાજરી | ૨૫૦ | ૨૮૯ |
| રાયડો | ૫૫૮ | ૫૭૮ |
| મગફળી | ૮૬૪ | ૧૦૦૦ |
| કપાસ | ૭૫૦ | ૭૬૫ |
| તલ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૨૬ |
| તુવેર | ૬૧૦ | ૬૫૨ |
| સોયાબીન | ૬૬૫ | ૬૮૮ |
| અડદ | ૫૮૫ | ૫૯૫ |
| જુવાર | ૩૭૦ | ૩૮૫ |
| મગ | ૧૦૦૦ | ૧૦૬૦ |

| કડી | | |
|---|---|---|
| સવા | ૬૧૫ | ૬૫૫ |
| ઘઉં | ૩૦૦ | ૪૦૦ |
| ડાંગર | ૨૮૯ | ૩૮૦ |
| બાજરી | ૨૮૩ | ૨૯૭ |
| ગવાર | ૧૭૧૬ | ૧૭૪૨ |
| એરંડા | ૬૫૦ | ૬૫૨ |
| રાયડો | ૬૦૦ | ૬૧૩ |
| જીરૂ | ૨૨૮૦ | ૨૪૦૦ |
| વરીયાળી | ૧૪૮૧ | - |
| અસાળીયો | ૫૮૮ | ૬૧૫ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૯ | ૪૨૯ |
| બાજરી | ૨૬૦ | ૨૮૬ |
| એરંડા | ૬૫૦ | ૬૬૪ |
| રાયડો | ૫૯૭ | ૬૫૬ |
| રાજગરો | ૭૯૦ | ૯૩૦ |
| જવ | ૨૫૫ | ૨૫૬ |
| મગ | ૧૦૦૧ | ૧૦૧૧ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| મેથી | ૪૯૦ | ૫૫૭ |
| રાજગરો | ૫૦૦ | ૮૭૦ |
| વરીયાળી | ૯૫૧ | ૯૮૬ |
| જવ | ૨૬૯ | - |
| રાયડો | ૫૪૦ | ૬૬૬ |
| એરંડા | ૬૪૪ | ૬૭૫ |
| ગવાર | ૧૭૨૫ | ૧૭૮૦ |
| ઘઉં | ૨૯૮ | ૪૬૨ |
| બાજરી | ૧૯૬ | ૨૯૧ |
| કપાસ | ૭૦૦ | ૭૭૨ |
| જીરૂ | ૨૩૨૦ | ૨૩૨૨ |
| ઈસબગુલ | ૧૨૩૫ | - |
| સવા | ૬૦૦ | ૬૯૪ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૪૬૭ |
| બાજરી | ૨૫૦ | ૩૧૧ |
| રાયડો | ૬૦૦ | ૬૫૧ |
| એરંડા | ૬૫૧ | ૬૭૫ |
| કપાસ | ૪૫૦ | ૯૬૭ |
| જુવાર | ૩૦૦ | ૪૯૪ |
| તલ | ૧૭૫૧ | - |
| મેથી | ૫૧૧ | ૫૫૦ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૫૫ |
| રજકાનાબી | ૨૨૦૦ | ૨૩૦૦ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૬ | ૪૧૬ |
| જીરૂ | ૧૮૫૦ | ૨૩૬૦ |
| રાયડો | ૫૫૫ | ૬૩૬ |
| રજકાનાબી | ૨૩૩૧ | ૨૮૫૧ |
| મેથી | ૫૨૪ | ૫૩૬ |
| સવા | ૬૩૦ | - |
| બાજરી | ૨૫૦ | ૩૦૨ |
| એરંડા | ૬૨૫ | ૬૫૮ |
| અજમો | ૬૦૩ | ૬૮૧ |
| ગવાર | ૧૭૩૦ | ૧૭૪૪ |
| બંટી | ૩૭૦ | - |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૯૦ |
| રાયડો | ૫૯૫ | ૬૧૫ |
| એરંડા | ૬૫૪ | ૬૫૭ |
| ગવાર | ૧૭૪૦ | ૧૭૫૬ |
| જવ | ૨૪૬ | ૨૫૧ |

| જોટાણા | | |
|---|---|---|
| ઘઉં | ૩૭૨ | - |
| એરંડા | ૬૪૦ | ૬૫૭ |
| રાયડો | ૫૯૫ | ૬૦૫ |
| ગવાર | ૧૬૪૧ | ૧૬૬૭ |

| હારીજ | | |
|---|---|---|
| ઈસબગુલ | ૯૦૦ | ૧૧૦૦ |
| રાયડો | ૬૧૧ | ૬૪૩ |
| એરંડા | ૬૪૫ | ૬૬૩ |
| સાસટો | ૨૮૦ | ૩૦૦ |
| બાજરી | ૨૨૫ | ૨૫૧ |
| ઘઉં | ૨૯૫ | ૪૭૮ |
| ગવાર | ૧૬૬૫ | ૧૭૨૧ |
| અડદ | ૫૦૦ | ૬૨૩ |
| ચણા | ૬૧૦ | ૬૪૩ |
| જીરૂ | ૨૨૫૦ | ૨૫૮૩ |
| સવા | ૬૦૦ | ૭૨૨ |
| કાલણ | ૪૪૦ | ૫૬૮ |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૩૭૫ |
| એરંડા | ૬૫૫ | ૬૬૨ |
| બાજરી | ૨૭૦ | ૨૯૩ |
| રાયડો | ૬૧૬ | ૬૨૬ |
| ડાંગર | ૨૮૦ | ૩૮૨ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૪૦ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| ઘઉં | ૨૯૦ | ૪૦૦ |
| બાજરી | ૨૬૦ | ૨૯૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૬૦૦ | ૧૭૫૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૩૦૦ |

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૦૦ | ૨૪૪૯ |
| વરીયાળી | ૯૧૨ | ૧૩૯૦ |
| રાયડો | ૫૭૦ | ૬૫૭ |
| એરંડા | ૬૩૫ | ૬૭૧ |
| ઘઉં | ૨૯૨ | ૪૨૮ |
| જુવાર | ૩૩૦ | - |
| બાજરી | ૨૮૦ | ૩૦૬ |
| ગવાર | ૧૭૩૦ | ૧૭૭૦ |
| મેથી | ૫૧૧ | ૫૪૫ |
| સવા | ૬૦૦ | ૭૭૫ |

| ઊંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૨૫ | ૨૮૫૧ |
| વરીયાળી | ૭૦૫ | ૨૪૫૬ |
| ઈસબગુલ | ૧૨૫૦ | ૧૬૫૦ |
| સરસવ | ૬૩૫ | ૬૬૫ |
| રાયડો | ૫૦૦ | ૭૩૦ |
| તલ | ૨૦૮૧ | ૨૨૩૫ |
| સવા | ૬૦૫ | ૭૬૧ |